**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ**

**રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૦/કવા–૦૩/૧૮–૧૯/ 3983-3 તા 12-6-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
અરવિંદભાઈ બચુભાઈ આટકોટીયા,
પ્લોટ નંબર ૪૩ મારુતિ ઇન્ડસ્ટ્રીયલ એરીયા,
અમી ધારા ઇન્ડસ્ટ્રીયલ પાસે,
કોઠારીયા રીંગરોડ
રાજકોટ- ૩૬૦૦૨૨
નો: ૭૦ ૮૩ ૦૮ ૦૦ ૩૪

**વિષય :–પુરવણી બીલ બાબત**

**સંદર્ભ:-- આપની અરજી , તા. ૦૭–૧૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૯૦/કવા–૦૩/૧૮–૧૯ )**

**શ્રીમાન,**

આપશ્રી દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામા આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

**નકલ રવાના :**

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ

(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૦/કવા–૦૩/૧૮–૧૯/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૯૦/કવા–૦૩/૧૮–૧૯

અરજદાર: અરવિંદભાઈ બચુભાઈ આટકોટીયા ગામ: રાજકોટ
રજૂઆત કરનાર: અરજદાર અરવિંદભાઈ બચુભાઈ આટકોટીયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **શહેર ૩ રાજકોટ**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી – એચ. બી. પરમાર વિભાગીય કચેરી – **શહેર ૩ રાજકોટ**

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: 30/03/19

૧.૦ સદર કેસની સુનાવણી તા. 30/03/19ના રોજ રાખવામાં આવેલ ત્યારે સદર કેસની સુનાવણી કરવામાં આવેલ.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર અરવિંદભાઈ બચુભાઈ આટકોટીયા, ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર :૯૦/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓ ગ્રાહક નં.૩૪૫૧૩/૩૦૮૨૦/૬ થી ૧૦૦ કીવો નુ એલ.ટી.એમ.ડી વીજજોડાણ ધરાવે છે, સદર વીજજોડાણ તા.૨૭–૧૧–૧૭ ના રોજ મીટર નુ ચેકીગ અરજદાર ની હાજરીમા કરેલ, જેનુ મીટર ટેસ્ટીગ લેબોરેટરી નુ ચેકીગ તા.૧૧–૧૨–૧૭ ના રોજ સદર અરજદાર ની હાજરીમા તપાસણી કરેલ – જેમા મીટર મા રીડીગ ઓછા નોંધાય છે, અને ડેટા ડિસ્ટર્બ થયેલ છે, તેવુ સ્પષ્ટ મીટર ટેસ્ટીગ લેબ રીપોર્ટ મા લખેલ છે, અને વધુ તપાસ માટે મીટર એલએન્ડજી કંપની નુ હોય – મીટર ને કંપની મા મોકલાવેલ છે, ત્યારબાદ લગભગ ૧૦ માસ ના સમયગાળા પછી વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ માથી તા.૨૬–૦૯–૧૮ ના રોજ રૂ.૩૫,૩૩,૫૯૭ /– નુ વીજબીલ પાઠવવામાં આવેલ -- જે એલએન્ડજી કંપની ના અભિપ્રાય ના આધારે ૨૩ માસ નુ રૂ.૩૩,૩૫,૫૯૭ /– નુ બીલ આપેલ -- જે તદન ગેરવ્યાજબી છે. સદર વીજજોડાણ રેગ્યુલર દર ૦૬ માસે ચેક થયેલ છે, જે અંગે નો રેકર્ડ અરજદાર શ્રી ને આપેલ નથી. તેમજ સપ્લાયકોડ વીજઅધિનીયમન ૨૦૦૫ મુજબ – મીટર ના પરીક્ષણ કર્યા બાદ ૦૨ દિવસમાં જ રીપોર્ટ આપવાનો હોય છે. પરંતુ, આશરે ૦૯ માસ ના ગાળા બાદ આ અહેવાલ તથા બીલ તેઓને પાઠવેલ છે. જે અન્વયે અરજદારે વધુમાં વધુ ૦૬ માસ નુ બીલ આપી શકાય – તેમ અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: હુકમ ::

૪.૧ સદર કેઈસ નો વિગતવાર અભ્યાસ કરતા – મીટર રીડર દ્વારા લેવાયેલ મીટર રીડીગ દર્શાવતા – પી.આર.ટી.–૧૪૫ રીપોર્ટ તથા એમ.આર.આઈ. અહેવાલ મુજબ ના વાસ્તવિક રીડીગ વચ્ચે ખૂબજ મોટો તફાવત નોંધાયેલ છે. તદઉપરાંત, પીજીવીસીએલ ના તા.૧૮–૧૨–૧૭ ના લેબોરેટરી રીપોર્ટ મુજબ – એસ.એમ.સી.બોક્સ ઉપર લગાવાયેલ ૦૨ સીલો માથી ૦૧ સીલ હૈયાત નથી, તેમજ અન્ય સીલ ટેમ્પર્ડ જોવા મળેલ છે. વિશેષમાં ૦૧ સીલ લાગેલ હોવા છતા – એસ.એમ.સી. ના ઢાંકણા ની નીચેના ભાગેથી અંદાજીત ૦૨ (બે) ઈંચ જેટલુ ઉચુ થઈ શકે છે. તદઉપરાંત, એલ એન્ડ જી કંપની ના આસીટન્ટ મેનેજર (ટેકનીકલ) દ્વારા તા.૨૩–૦૩–૧૮ ના રીપોર્ટ મા વિશેષ તપાસણી ( એનાલીસીસ) માટે સદર મીટર ફેકટરીમાં મોકલવાની પણ નોંધ કરવામા આવેલ છે.

૪.૨ સદર મીટર માં તેમજ મીટર ના પ્રોગ્રામીગ માં કોઈપણ પ્રકારની ગેરરીતી થયેલ છે કે નહી, તે નકકી કરવા માટે સદર મીટર નો ફેકટરી ઈન્સપેકશન રીપોર્ટ આવશ્યક હોવાથી ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ દ્વારા પીજીવીસીએલ ને અવાર–નવાર મૌખિક તથા ઈ–મેઈલ થી જાણ કરવા છતા – જરૂરી સમયમર્યાદા માં મીટર નો ફેકટરી ઈન્સપેકશન રીપોર્ટ રજુ કરાયેલ નથી.

૪.૩ ઉપરોક્ત સંજોગોમાં પીજીવીસીએલ શહેર વિભાગીય કચેરી નં.–૩ આવતા વાવડી પેટા વિભાગીય કચેરી ના – મારૂતિ ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં આવેલ ગ્રાહક શ્રી અરવિંદભાઈ બચુભાઈ આટકોટીયા ના ગ્રાહક નં. – ૩૪૫૧૩ /૩૦૮૨૦/૬, ( એલ.ટી.એમ.ડી કેટેગરી) ૧૦૦ કીવો ના વીજજોડાણમાં પીજીવીસીએલ દ્વારા – સદર મીટર નો M.F. ૦૧ ને બદલે M.F. ૪૦ મુજબ ની ગણતરી કરીને વાવડી પેટા વિભાગીય કચેરી ના પત્ર નં.–૮૧૨૩ તા.૨૬–૦૯–૧૮ થી રૂ.૩૫,૩૩,૫૯૭ /– નુ જે પુરવણી બીલ અપાયેલ છે, તે અંગે અપુરતી માહિતીના અભાવે ફોરમ કમિટી દ્વારા કોઈપણ નિર્ણય આપી શકાય તેમ નથી.

૪.૪ અરજદાર ની પુરવણી બીલ અંગે ની ફરીયાદ આ તબ્બકે રદ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Rajkot